પૂરતો વરસાદ હોય ત્યારે જમીનને હળ કે પાવર ટીલરથી ઘાવલ કરીને સમાર મારવો. ઘાવલ કરતાં અગાઉ જરૂરી પાયાનું ખાતર આપી દેવું. રોપણી પહેલા ધરૂનાં મૂળને જૈવિક ખાતર એઝેટોબેક્ટરનાં દ્રાવણમાં ૧૫ મિનિટ બોળીને ફેરરોપણી કરવી. ફેરરોપણી સમયે ક્યારીમાં બહુ પાણી ન રાખવું, જેથી ધરૂ સારી રીતે જમીનમાં ચોંટી જાય.

### ખાતર વ્યવસ્થાપન :

હળ કે પાવર ટીલરથી ઘાવલ કરતાં પહેલાં હેક્ટર દીઠ ૧૦ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસયુક્ત ખાતર પાયાના ખાતર તરીકે જમીનમાં આપવું. ફેરરોપણીનાં ૬ દિવસ બાદ પાયાનાં ખાતર તરીકે અને ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે હેક્ટર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવો.

### નીંદણ નિયંત્રણ :

વરી પાકને રોપણી બાદ ૪૫ દિવસ સુધી નીંદણ મુક્ત રાખવો. ફેરરોપણી બાદ ૨ થી ૩ નીંદણ કરવા. મજૂરોની અછત હોય તો નિંદામણનાશક દવાઓનો ઉપયોગ કરવો. આ માટે બ્યુટાક્લોર ૫૦ ઈ.સી. ૧.૨૫૦ થી ૧.૫૦૦ લિટર/હેક્ટર સક્રિય તત્વ ૫૦૦ લિટર પાણીમાં ઓગાળી રોપણી પછી તરત જ (૩ થી ૫ દિવસમાં) છાંટવું અથવા ક્યારીમાંથી પાણી નિતાર્યા બાદ ૧૦૦ કિલોગ્રામ રેતી સાથે દવાને ભેળવી ક્યારીમાં



વ્યવસ્થિત રીતે પુંકવી.

### કાપણી અને સંગ્રહ :

વરીનો પાક ૧૧૦ થી ૧૩૦ દિવસ સુધીમાં પાકી જાય છે. વરીની કંઠી જેમ જેમ તૈયાર થાય તેમ કાપતા જઈ ખળામાં સુકવી બળદથી પગર કરી દાણા છૂટા પાડવા. દાણાને સાફ કરી અનાજ ભરવાની કોઠીમાં સંગ્રહ કરવો. બધી કંઠી કપાય જાય એટલે વરીનું પરાળ (ચીપટ) કાપી લઈ તેનું કુંડવું બનાવી સંગ્રહ કરવો, જે ઢોરનાં સુકાચારા તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

### ઉત્પાદન :

વરી પાકમાં દાણાનું સરેરાશ ઉત્પાદન હેક્ટરે ૨૬૦૦ થી ૨૮૦૦ કિલો મળે છે. જ્યારે ચીપટ (પરાળ)નું અંદાજે ૭૦૦૦ થી ૮૦૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરે ઉત્પાદન મળે છે. ચીપટ પણ પૌષ્ટિક તત્વથી ભરપૂર હોઈ પશુ આહાર માટે ઉત્તમ છે.

INTERNATIONAL YEAR OF MILLETS 2023



# વરી (મૌરયો)ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

મિલેટસનું આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૨૩



મોરૈયો
(લિટલ મિલેટ)

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
મંગલભારતી
મુ.પો.ગોલાગામડી,તા.સંખેડા,
જિ.છોટાઉદેપુર
મો.૮૧૪૧૧૫૦૫૦૦

વરીનાં દાણા નાના હોવાને લીધે તેને ઝીણું ધાન્ય કહેવામાં આવે છે. વરીનું વાવેતર ડાંગ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં થાય છે, વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ગુજરાતમાં કુલ ૧૧૬૬૫ હેક્ટર વિસ્તારમાં વરીનું વાવેતર થયેલ છે. અને તેની ઉત્પાદકતા ૯૩૦ કિ.ગ્રા./હેક્ટર છે. દાણાને છડ્યા પછીના ભાગને **"મોરીયો" કહે**વામાં આવે છે. જેનો ઉપયોગ લોકો ઉપવાસના દિવસે કરે છે. તેની પોષણયુક્ત ઉપયોગિતા વધુ છે. ગમે તેવી આબોહવાકીય પરિસ્થિતિમાં આ પાક લઈ શકાય છે. આદિવાસી લોકો ડાંગરની જગ્યાએ વરીનો ઉપયોગ ખાવામાં કરે છે. વરીમાં આયર્નનું પ્રમાણ વધારે હોવાથી સગભાઁ સ્ત્રીઓ માટેનો ઉત્તમ આહાર છે.

### જમીન અને આબોહવા :

વરી વિવિધ પ્રકારની જમીન, આબોહવા તથા જ્યાં અન્ય પાક ઉગાડવાની શક્યતા ઓછી હોય તેવી ઓછી ફળદ્રુપ અને ઢાળવાળી જમીનમાં પણ થઈ શકે છે. પરંતુ સારા નિતારવાળી લાલ, રાખોડી રંગની, ગોરાડું ફળદ્રુપ અને હલકી અથવા મધ્યમ કાળી જમીન વરીને વધુ માફક આવે છે. ગરમ અને ભેજવાળી આબોહવામાં આ પાક સારો થાય છે.

### જમીનની તૈયારી :

અગાઉનાં પાકની કાપણી થઈ ગયા બાદ, જમીનને હળ અથવા કલ્ટિવેટરથી આડી ઊભી ખેડ



કરી, કરબ મારી નિંદામણ તથા જડીયા વીણી વાવેતર માટે જમીન તૈયાર કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં વાવેતર માટે ભલામણ કરાયેલ વરીની જાતો

| અ. નં | જાત | ભલામણ વર્ષ | પાકવાના દિવસો | સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા./હેક્ટર |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત વરી – ૧ | ૧૯૭૮ | ૧૨૫-૧૩૦ | ૧૨૦૦-૧૩૦૦ |
| ૨ | ગુજરાત વરી-૨ | ૨૦૦૬ | ૧૧૫-૧૨૦ | ૧૪૦૦-૧૭૦૦ |
| ૩ | ગુજરાત નવસારી વરી-૩ | ૨૦૧૬ | ૧૧૦-૧૨૦ | ૨૫૦૦-૨૮૦૦ |

### બિયારણનો દર :

વરીનો દાણો ઝીણો હોવાથી એક હેક્ટરની ફેરરોપણી માટે ૩ થી ૪ કિ.ગ્રા. બિયારણની જરૂર પડે છે. હંમેશાં ભલામણ કરેલ સુધારેલ જાતોનું શુદ્ધ પ્રમાણિત બિયારણ વાપરવું.

### બીજની માવજત :

જમીનજન્ય અને બીજજન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફૂગનાશક દવા જેવી કે થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફુગનાશક દવા ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ તેમજ એઝોસ્પાઇરીલમનું જૈવિક પ્રવાહી ૩ મિ.લિ પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવો.



### બીજની માવજત :

જમીનજન્ય અને બીજજન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફૂગનાશક દવા જેવી કે થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફુગનાશક દવા ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ તેમજ એઝોસ્પાઇરીલમ જૈવિક પ્રવાહી ૩ મિ.લિ પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવો.

### ધરૂવાડીયુ:

ડાંગરની જેમ વરીની ફેરરોપણી કરવામાં આવે તો વધુ ઉત્પાદન મળે છે. ધરૂવાડિયું પિયતની સગવડતા હોય ત્યાં, સહેજ ઊંચાણવાળી, નિંદામણ મુક્ત અને અગાઉનાં વર્ષે તે વિસ્તારમાં ઉગાડેલ વરીમાં કોઈ રોગ આવેલ ન હોય તેવી હોવી જોઈએ. જમીન હળ અને કરબથી ખેડીને ભરભરી બનાવવી, સમાર મારી સમતલ બનાવવી, સારું તંદુરસ્ત અને ચીપાદાર ધરૂ ઉછેરવા નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

### ફેરરોપણી :

વરીની ફેરરોપણી માટે જુલાઈનું પ્રથમ પખવાડિયું ઉત્તમ સમય છે. વરીની ફેરરોપણી બે હાર વચ્ચે ૩૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૦ સે.મી.નું અંતર રાખી થાણા દીઠ ૧ છોડ રોપવા અને હેક્ટરે ૩ થી ૪ લાખ છોડ જાળવવા. ફેરરોપણી માટે ૪ થી ૫ પાનવાળું ૨૫ થી ૩૦ દિવસનું ચીપાદાર ધરૂ ઉત્તમ ગણાય છે. ફેરરોપણી અગાઉ